# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૬ તા.૧૧-૧૦-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલય અને પ્રયોગશાળા બાબત.

સંદર્ભ :- No.: GCERT/C&E/PS/GUIDELINE/2022/31071-31155

આથી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલય અને પ્રયોગશાળાનો મહત્તમ ઉપયોગ થાય તે જરૂરી છે. વિદ્યાર્થીઓમાં વાંચન ક્ષમતા વિકસે તે હેતુથી આ સાથે સામેલ સંદર્ભ દર્શિત પત્રમાં દર્શાવેલ (અ) પુસ્તકાલય માટે માર્ગદર્શક બાબતો તથા (બ) પ્રયોગશાળા માટે માર્ગદર્શક બાબત ધ્યાને લઈ અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૧-૧૦-૨૦૨૨

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

અગત્યની નોંધ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, પરિપત્ર નં.૬૮ તા.૧૬-૦૯-૨૦૨૨ ''Azadi Ka Quest'' ઓનલાઈન એપનો વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગ કરવા બાબત જણાવવામાં આવેલ છે. જે અંતર્ગત આ એપની જાણકારી વધુને વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તેવું આયોજન કરવા જણાવવામાં આવે છે.

તા.૧૧-૧૦-૨૦૨૨

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

No. : GCERT/C & E/PS/GUIDELINE/2022/ 31071-31115
Gujarat Council of Educational Research & Training,
*'Vidyabhavan', Sector-12, Gandhinagar.*
Tel. No. : (079) 23256813-39
Director : (079) 23256808
Secretary : (079) 23256813
Fax : (079) 23256812
E-mail : gcert12@gmail.com

सत्यमेव जयते

**Secretary**

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

04 OCT 2022

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-તમામ
શાસનાધિકારી-તમામ
ડાયેટ,પ્રાચાર્ય-તમામ

વિષય:-પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલય અને પ્રયોગશાળા બાબત

સંદર્ભ:-અત્રેની કચેરીની તા.26/09/2022ના રોજની શાખા નોંધ પર મા.નિયામકની મળેલી મંજૂરી

શ્રીમાન,

આપશ્રીને વિદિત હશે કે **NEP-2020** અંતર્ગત શાળા શિક્ષણ માટેની ભલામણોના આધારે પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલય અને પ્રયોગશાળાનો મહત્તમ ઉપયોગ થાય તે અનિવાર્ય છે.વધુમાં **NAS-2021**ના પરિણામ અન્વયે રાજ્ય કક્ષાએથી કરવાની થતી કામગીરી સંદર્ભે બાળકોમાં વાંચન ક્ષમતા વિકસે તે હેતુથી શિક્ષણ મંત્રાલયની પુસ્તકાલય માર્ગદર્શિકા ધ્યાને લેવી અનિવાર્ય છે. આથી પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયનો મહત્તમ ઉપયોગ થાય તે માટે નીચેની માર્ગદર્શક બાબતો ધ્યાને લેવાની થાય છે.

(અ) પુસ્તકાલય માટે માર્ગદર્શક બાબતો:

(1) શાળાઓ દ્વારા દર અઠવાડિયે દરેક વર્ગદીઠ ઓછામાં ઓછા 2 તાસ જે પુસ્તકાલય તાસ તરીકે સમયપત્રકમાં ગોઠવવામાં આવે.
(2) બાળકોમાં વિશ્લેષણાત્મક અને લેખન કૌશલ વિકસે તે હેતુથી બાળકો પુસ્તકાલયમાંથી જે પુસ્તકો વાંચે તેનું તેઓ સાહિત્યિક સમીક્ષાલેખન (રીવ્યુ-ટૂંકસાર) રજૂ કરે.
(3) બાળકોએ જે વાર્તા વાંચી હોય તે વાર્તા વર્ગના અન્ય બાળકોને કહે.
(4) પુસ્તકવાંચનને સહ અભ્યાસિક પ્રવૃત્તિના ભાગ તરીકે ગણવી જોઈએ.
(5) શાળામાં શિક્ષકની ગેરહાજરીના પ્રસંગે પુસ્તકાલયનો ઉપયોગના વિકલ્પ તરીકે લઈ શકાય.
(6) પુસ્તકાલય સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા થાય તથા અઠવાડિક/પખવાડિક પુસ્તકની લેવડ-દેવડ ગોઠવી શકાય.

સાથે સાથે પ્રયોગશાળા માટે નીચેની બાબત ધ્યાને લેવી.

(બ) પ્રયોગશાળા માટે માર્ગદર્શક બાબત:

શાળામાં ઉપલબ્ધ સ્ટેમ લેબ અથવા અન્ય રીતે ઉપલબ્ધ પ્રયોગના સાધનોનો બાળકોની વય કક્ષા મુજબ મહત્તમ ઉપયોગ થાય જેથી વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના અધ્યયન અને અધ્યાપન કાર્યને વધુ સુદ્રઢ બનાવી શકાય.

ઉપરોક્ત માર્ગદર્શક બાબતોની જાણકારી તમામ શાળાઓને મળી રહે તે માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,શાસનાધિકારી તેમજ પ્રાચાર્યએ તેમની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

સચિવ<br>
જી.સી.ઈ.આર.ટી.<br>
ગાંધીનગર

નકલ સવિનય જાણ સારું:

-માન.સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક),શિક્ષણવિભાગ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર

-માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા-ગુજરાત રાજ્ય, ગાંધીનગર

-નિયામકશ્રી(પ્રાથમિક શિક્ષણ),પ્રાથમિક નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર